# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૭/૨૦૨૨, તા.૧૩/૧૨/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા.૧૫/૧૧/૨૦૨૨ થી તા.૧૫/૧/૨૦૨૩ સુધી ભાડજ સર્કલથી ઓગણજ સર્કલ વચ્ચે, સરદાર પટેલ રિંગ રોડ, અમદાવાદ ખાતે **'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'** નું આયોજન થનાર છે. આ મહોત્સવમાં રોજીંદી ૧-લાખ જનસંખ્યા વાહનો સાથે મુલાકાત લેનાર છે. વધુમાં સરદાર પટેલ રિંગ રોડ પરનો આ વિસ્તાર પોલીસ કમિશ્નરેટ, અમદાવાદ શહેરને અત્યંત નિકટતાથી સ્પર્શતો વિસ્તાર છે. આ મહોત્સવમાં મુલાકાત લેવા માટે મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા લોકો તથા આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા તથા નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૫/૧૧/૨૦૨૨ થી તા.૧૫/૧/૨૦૨૩ સુધી ભાડજ સર્કલથી ઓગણજ સર્કલ વચ્ચે, સરદાર પટેલ રિંગ રોડ, અમદાવાદ ખાતે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' નું આયોજન થનાર છે.

સરદાર પટેલ રીંગ રોડ ઉપર ખુબ જ મોટા પ્રમાણમાં ભારે વાહનોની અવર-જવર રહેતી હોય છે. જેમાં ઝેરી કેમીકલ યુક્ત જ્વલંનશીલ પદાર્થો જેવા કે, એસીટીક એસીડ, એસીટીક એનહાઈડ્રાઇડ, સલ્ફ્યુરીક એસીડ, હાઇડ્રોક્લોરીક એસીડ, ફોસ્ફોરીક એસીડ, હાઇડ્રોફ્લોરીક એસીડ, પર્ચલોરીક એસીડ, ફોરમીક એસીડ, નાઇટ્રીક એસીડ,પોટેશીયમ હાઇડ્રોક્સાઇડ, સોડીયમ હાઇડ્રોક્સાઇડ, હાઇડ્રોજન પ્રોક્સાઇડ, ફોર્મલ્ડેહાઇડ, ફેનોલ, સોડીયમ હાયપોક્લોરાઇટ વિગેરે જેવા ઝેરી કેમીકલ યુક્ત જ્વલંનશીલ પદાર્થો સાથે અવર-જવર કરતા આ પ્રકારના ટેન્કર/કન્ટેનર/વાહનોની મહોત્સવવાળા વિસ્તારમાંથી પસાર થતા નીચે મુજબના સરદાર પટેલ રીંગ રોડ પરના માર્ગ પરથી અવર-જવર કરવા માટે પ્રતિબંધિત ફરમાવવામાં આવે છે.

| અનં. | ઝેરી કેમીકલ યુક્ત જ્વલનશીલ પદાર્થો સાથે અવર-જવર કરતા ટેન્કર/કન્ટેનર/વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ/વિસ્તારની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | સનાથલ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ સુધીનો જતો-આવતો માર્ગ. | સનાથલ સર્કલથી બાકરોલ ચાર રસ્તા થઇ કમોડ સર્કલ થઇ અસલાલી રીંગ રોડ સર્કલ થઇ હાથીજણ સર્કલ થઇ, દાસ્તાન સર્કલ થઇ નાના ચિલોડા રીંગ રોડ સર્કલ થઇ તપોવન સર્કલ થઇ વૈષ્ણોદેવી સર્કલ તરફ અવર-જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૧૪/૧૨/૨૦૨૨ થી તા.૧૫/૧/૨૦૨૩ દરમિયાનના રોજેરોજ સવાર કલાક ૯.૦૦ થી રાત્રી કલાક ૨૪.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૧૨/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર સત્યમેવ જયતે

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૧૩/૧૨/૨૦૨૨
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ,અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય તથા ગાંધીનગર.
(૪) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૫) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૬) તમામ પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ.............................................. અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર (૮ નકલ)